# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-05-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રોમમાં ભારત અને ઈટાલીએ દ્વિપક્ષીય સંબંધને વિશેષ વ્યૂહાત્મક ભાગીદારીના સ્તર પર લઈ જવાનો નિર્ણય કર્યો હોવાની જાહેરાત કરી.**
2) **ઈટાલીનાં પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીએ કહ્યું, બંને દેશના દ્વિપક્ષીય સંબંધ હવે તેમની સંપૂર્ણ ક્ષમતા પ્રાપ્ત કરવા સક્ષમ.**
3) **“એક રાષ્ટ્ર એક ચૂંટણી” વિધેયકને ગુજરાત સરકારનું સપૂર્ણ સમર્થન.**
4) **DRDOએ માનવરહિત હવાઈ વાહન મિસાઈલ – ULPGM-V-3નું અંતિમ વિકાસ પરિક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું.**
5) **વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ભારતનો વૃદ્ધિ દર 6.4 ટકા રહેવાનું સંયુક્ત રાષ્ટ્રનું અનુમાન.**
6) **IPL ક્રિકેટમાં કોલકાતા નાઈટ રાઈડર્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો.**

..........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# NEW PM ITALY VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રોમમાં ઈટાલીનાં પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની સાથે પ્રતિનિધિમંડળ સ્તરનો સંવાદ કર્યો. મુખ્ય ક્ષેત્રોમાં બંને દેશના સંબંધને વધુ મજબૂત બનાવવાના હેતુસર યોજાયેલી આ બેઠકમાં વેપાર, રોકાણ, ટેક્નોલૉજી, સંરક્ષણ, સ્વચ્છ ઉર્જા અને વ્યૂહાત્મક ભાગીદારીમાં સહકાર વધારવા પર વિશેષ ભાર અપાયો. બંને નેતાએ પરસ્પર હિત સંબંધિત પ્રાદેશિક અને વૈશ્વિક ઘટનાક્રમ પર પણ ચર્ચા કરી.

**(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) - TERRORISM**

આ ચર્ચા બાદ બંને મહાનુભાવોએ સંવાદદાતા સંમેલનમાં સંયુક્ત નિવેદન આપ્યું. તેમાં શ્રી મોદીએ ભારત અને ઈટાલીએ પોતાના દ્વિપક્ષીય સંબંધને વિશેષ વ્યૂહાત્મક ભાગીદારીના સ્તર પર લઈ જવાનો નિર્ણય કર્યો હોવાની જાહેરાત કરી. તેમણે કહ્યું, બંને દેશ સંયુક્ત વ્યૂહાત્મક કાર્યયોજના 2025-2029 દ્વિપક્ષીય સંબંધ માટે વ્યવહારિક અને ભવિષ્યલક્ષી માળખું પૂરું પાડે છે.

શ્રી મોદીએ કહ્યું, ભારત-ઇટાલી સંરક્ષણ ઔદ્યોગિક વ્યૂહરચનાએ સૈન્ય સામાનના સહ-વિકાસ અને સહ-ઉત્પાદનનો માર્ગ મોકળો કર્યો છે.

**(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) MARITIME DEFENCE**

આ પ્રસંગે ઇટાલીનાં પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીએ કહ્યું, બંને દેશ તેમના સંબંધને 'વિશેષ વ્યૂહાત્મક ભાગીદારી'ના સ્તરે લઈ જઈ રહ્યાં છે. હવે બંને દેશના દ્વિપક્ષીય સંબંધ સંપૂર્ણ ક્ષમતા હાંસલ કરવામાં સક્ષમ છે.

તેમણે કહ્યું, બંને દેશ વચ્ચે મિત્રતા સન્માન અને પરસ્પર વિશ્વાસ પર આધારિત છે

# GUJARAT ONE NATION ONE ELECTION

ગુજરાત સરકારે "એક રાષ્ટ્ર એક ચૂંટણી"ને સંપૂર્ણ સમર્થન આપ્યું. ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ગુજરાત સરકારે સંયુક્ત સંસદીય સમિતિ – JPC સમક્ષ એક રાષ્ટ્ર એક ચૂંટણી સંદર્ભે સરકારના સહકાર અને તૈયારીઓ રજૂ કરી.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

લોકસભા સાંસદ પી. પી. ચૌધરીના વડપણ હેઠળની JPCની ટીમે ગુજરાતના પ્રવાસના બીજા દિવસે આજે સમિતિએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજ્યના મંત્રીઓ, વિવિધ રાજકીય પક્ષના નેતાઓ અને પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી. દરમિયાન તમામ લોકોએ એક રાષ્ટ્ર એક ચૂંટણી વિધેયક અંગે પોતપોતાના વિચાર સમિતિ સમક્ષ રજૂ કર્યા.

# PRADHAN NEET SECURITY

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આગામી નીટ – યુજી પુનઃપરીક્ષાને સુરક્ષિત, નિષ્પક્ષ અને યોગ્ય સંચાલન માટે કડક દેખરેખ અને સઘન સુરક્ષા વ્યવસ્થાની જરૂરિયાત પર ભાર આપ્યો. નવી દિલ્હીમાં કેન્દ્રીય સુરક્ષા અને ગુપ્તચર સંસ્થાઓની સાથે એક ઉચ્ચસ્તરની સમીક્ષા બેઠકમાં શ્રી પ્રધાને આ વાત કહી. આ બેઠકમાં અનામી ઑનલાઇન જૂથના માધ્યમથી સ્પર્ધાત્મક પરીક્ષાઓ સંબંધિત ખોટી માહિતીના વધતા પ્રસાર અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી.

શ્રી પ્રધાને એવા નેટવર્ક પર કાર્યવાહીનો નિર્દેશ આપ્યો, જેમાં ખોટી માહિતી ફેલાવનારા માધ્યમોને સક્રિય રીતે ઓળખવા, અવરોધિત કરવા અને બંધ કરવાનો સમાવેશ થાય છે.

શિક્ષણ મંત્રીએ કહ્યું, સોશિયલ મીડિયા મંચે શિક્ષણ મંત્રાલય, રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા અને કાનૂની પ્રવર્તન સંસ્થાઓએ સાથે મળીને કામ કરવું જોઈએ, જેથી ખોટી માહિતીઓ પર ઝડપથી અંકુશ લગાવી શકાય અને પરીક્ષા પ્રણાલિની અખંડિતતાની રક્ષા કરી શકાય.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# RAJNATH DRDO MISSILE

દેશે આત્મનિર્ભર ભારત પહેલ હેઠળ સ્વદેશી સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત કરવાની દિશામાં વધુ એક સિદ્ધિ હાંસલ કરી. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન – DRDOએ માનવરહિત હવાઈ વાહન પ્રિસિઝન ગાઈડેડ મિસાઈલ – ULPGM-V-3નું અંતિમ વિકાસ પરિક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આ મિસાઈલના પરિક્ષણ બદલ DRDO, જાહેર ક્ષેત્રના ઉપક્રમ, સંરક્ષણ સહ-ઉત્પાદન ભાગીદારો અને ઉદ્યોગ જગતની પ્રશંસા કરી. તેમણે ટેન્ક વિરોધી ભૂમિકા માટે હવાથી જમીન મોડ અને ડ્રોન, હેલિકોપ્ટર તથા અન્ય હવાઈ લક્ષ્યો માટે હવાથી હવામાં તેની અસરકારકતા અંગે માહિતી આપી. શ્રી સિંઘે આને સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાની દિશામાં વ્યૂહાત્મક સિદ્ધિ ગણાવી.

# RAJNATH LEE YONG CHUL

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આજે સિયોલમાં દક્ષિણ કોરિયાના સંરક્ષણ સંપાદન કાર્યક્રમ વહીવટી મંત્રી લિ જોન્ગ–ચુલ સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી સિંઘે કહ્યું, આ બેઠકમાં બંને પક્ષ સંયુક્ત વિકાસ, ઉત્પાદન અને નિકાસની તકનું સર્જન કરવા પરસ્પર પ્રયાસનો લાભ ઉઠાવવા પર સંમત થયા. વધુમાં તેમણે કહ્યું, બંને દેશના નવા માળખાને પરસ્પર જોડતી મહત્વાકાંક્ષી કાઈન્ડ-એક્સ પહેલની ક્ષમતાનો સંપૂર્ણ રીતે ઉપયોગ કરવા એક વ્યૂહરચના અંગે પણ ચર્ચા કરવામાં આવી.

# SC CAST ENUMERATION

સર્વોચ્ચ અદાલતે વસતિ ગણતરી 2027 હેઠળ જાતિ આધારિત ગણતરી કરાવવાના કેન્દ્ર સરકારના નિર્ણયને પડકારતી અરજીને ફગાવી. અદાલતે જણાવ્યું, આ મુદ્દો સરકારના નીતિગત અધિકાર ક્ષેત્રમાં આવે છે.

ન્યાયમૂર્તિ સૂર્ય કાન્તની અધ્યક્ષતા હેઠળની ખંડપીઠે જણાવ્યું, પછાત વર્ગના વિકાસલક્ષી ઉકેલ તૈયાર કરવા સરકારે તેમની સંખ્યા જાણવી જરૂરી છે. આવા આંકડાઓ એકઠા કરવા કોઈ ખોટી વાત નથી અને આ મામલે હસ્તક્ષેપ કરવાનો ઇનકાર કર્યો હતો.

# INDIA ECONOMY UN REPORT

ઈરાન સંઘર્ષના કારણે વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ વર્ષે ભારતનો વૃદ્ધિ દર 6.4 ટકા રહેવાનું અનુમાન લગાવાયું છે. તેના કારણે ભારત વિશ્વનું સૌથી ઝડપથી વધતા મુખ્ય અર્થતંત્ર તરીકે યથાવત્ રહેશે. સંયુક્ત રાષ્ટ્રના વરિષ્ઠ અર્થશાસ્ત્રી ઈન્ગો પિટર્લે-એ વિશ્વ આર્થિક સ્થિતિ અને સંભાવના અહેવાલના મધ્ય-વર્ષના તાજેતરની માહિતી અંગે પત્રકારોને માહિતી આપતા કહ્યું, ભારતની મજબૂત ગ્રાહક માગ, જાહેર રોકાણ અને સેવા નિકાસમાં વૃદ્ધિ, તેના અર્થતંત્રને ટેકો આપી રહી છે. જોકે, અહેવાલમાં ભારતના કુલ ઘરેલું ઉત્પાદન – GDPનું પૂર્વાનુમાન 6.6 ટકાથી ઘટાડીને 6.4 ટકા કરાયું છે, પરંતુ આવતા વર્ષે વૃદ્ધિમાં તેજી આવવાની શક્યતા છે.

સંયુક્ત રાષ્ટ્રના આર્થિક વિશ્લેષણ અને નીતિ વિભાગના નિદેશક શાંતનુ મુખરજીએ ભારતની વૈવિધ્યસભર અર્થવ્યવસ્થા, માળખાકીય સુધારા અને સુધારેલી કર આવકને મુખ્ય શક્તિઓ તરીકે પ્રકાશિત કરી.

# IPL T20 CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ – I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે કોલકાતા નાઈટ રાઈડર્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે. કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે રમાઈ રહેલી 65મી મેચમાં અજિંક્યા રહાણેની આગેવાની હેઠળની કોલકાતાની ટીમે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ, હાર્દિક પંડ્યાની આગેવાની હેઠળની મુંબઈની ટીમે 4 ઑવરમાં 3 વિકેટ ગુમાવી 24 રન કર્યા છે.

પોઈન્ટ ટેબલમાં હાલ કોલકાતાની ટીમ આઠમા અને મુંબઈની ટીમ નવમા ક્રમ પર છે.

# NADDA GENEVA MEETING

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ મહિલાઓ, બાળકો અને કિશોરોના આરોગ્ય માટેની વૈશ્વિક કાર્યસૂચિને આગળ વધારવા ભારતની મજબૂત પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. તેમણે આજે જિનીવામાં 79-મી વિશ્વ આરોગ્ય સભા દરમિયાન માતા, નવજાત અને બાળ આરોગ્ય માટે ભાગીદારી - PMNCHનાં બોર્ડ અધ્યક્ષ હેલેન ક્લર્ક સાથે દ્વિપક્ષીય બેઠક યોજી. દરમિયાન શ્રી નડ્ડાએ બોર્ડનાં ઉપાધ્યક્ષ અને સ્થાયી સમિતિના અધ્યક્ષ તરીકે PMNCH-માં ભારતની સક્રિય નેતૃત્વ ભૂમિકા પર ભાર મૂક્યો હતો.